પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૩૭ | ૧૭ એપ્રિલ, ૨૦૨૩, સોમવાર; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અતીક-અશરફની હત્યા માટે મળી હતી સોપારી

**અતીક અહમદ અને અશરફના હત્યારાઓને મળી હતી સોપારી : એડવાંસમાં લીધા હતા ૧૦-૧૦ લાખ રૂપિયા : ત્રણેયમાંથી એક આરોપી મોહિત ઉર્ફ સની જેલમાંથી જ હેંડલરના સંપર્કમાં આવ્યો હતો જ્યાં તેણે મર્ડરની સોપારી આપી હતી**



પ્રયાગરાજ, તા.૧૬

અતીક અહમદ અને તેના ભાઈ અશરફ અહમદ હત્યાકાંડમાં નવો વળાંક આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું છે કે, હુમલાખોરોને બંનેની હત્યાની સોપારી આપી હતી. અતીક અને અશરફની હત્યામાં સામેલ ત્રણેય આરોપીઓને એડવાંસમાં ૧૦-૧૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું છે કે, ત્રણેયમાંથી એક આરોપી મોહિત ઉર્ફ સની જેલમાંથી જ હેંડલરના સંપર્કમાં આવ્યો હતો. જ્યાં તેણે મર્ડરની સોપારી આપી હતી. આ વાત પણ જાણવા મળી છે કે, હેંડલરે જ ત્રણેય પિસ્તોલ અને કારતૂસની વ્યવસ્થા કરી આપી હતી.

અતીક અહમદ અને અશરફની હત્યામાં લવલેશ તિવારી (બાંદા, મોહિત ઉર્ફ સની (હમીરપુર) અને અરુણ મૌર્ય (કાસગંજ)ની વિરુદ્ધ હ્લૈંઈ નોંધવામાં આવી છે. પોલીસે જણાવ્યું છે કે, ત્રણેય આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ અને ૩૦૭ ઉપરાંત આયુધ અધિનિયમ અંતર્ગત મામલો નોંધવામાં આવ્યો છે. પોલીસે ત્રણેય આરોપીને રાતમાં

● અનુસંધાન પાન-૭ પર

## અતીક-અશરફને ગોળીઓ મારનારા કોણ-કોણ હતા ?

**અતીક-અશરફની હત્યાને લઈને મોટો ધડાકો : શૂટરોની ઓળખ લવલેશ તિવારી, સની અને અરુણ મૌર્ય તરીકે થઈ આરોપીઓનું કહેવું છે કે, અતીકના પાકિસ્તાન સાથે હતા સંબંધ**

પ્રયાગરાજ, તા.૧૬

મીડિયા કેમેરા સામે બાઈટ આપી રહેલાં અતીક અહેમદ અને અશરફ પર ગોળીઓ ચલાવનારા હુમલાખોરોની ઓળખ થઈ ગઈ છે. પોલીસે જણાવ્યું કે, આ ગુનેગારોના નામ લવલેશ તિવારી, સની અને અરુણ મોર્ય છે. આ ત્રણેય હત્યારાઓએ અતીક અહેમદ અને અશરફને ગોળીઓ માર્યા બાદ જય શ્રીરામના નારા લગાવ્યા હતા. એ પછી પોતાના બંને હાથ ઉંચા કરીને પોલીસ સમક્ષ સરન્ડર કર્યુ હતુ. લવલેશ યુપીના બાંદા, સની હમીરપુર અને અરુણ કાસગંજનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.



અતીક અહેમદ પર હુમલો કરનારા ત્રણેય લોકો મીડિયાકર્મી બનીને ભીડમાં સામેલ થયા હતા. અતીકે જેવું કેમેરા સામે નિવેદન આપવાનું શરુ કર્યુ ત્યારે જ અચાનક ત્રણ યુવકોએ તેના પર તાબડતોડ ફાયરિંગ કર્યુ હતુ. પોલીસની સામે આરોપીઓએ નિવેદન આપ્યું કે, અતીક અહેમદનું પાકિસ્તાન સાથે કનેક્શન હતું. અતીકે અને તેની ગેંગના લોકોએ તમામ નિર્દોષ લોકોની હત્યા કરી હતી. અતીક જમીન પચાવી પાડવા માટે હત્યા કરતો હતો અને જે કોઈ તેની વિરોધમાં સાક્ષી પુરાવે તેને પણ છોડતો નહોતો. તેનો ભાઈ અશરફ પણ

● અનુસંધાન પાન-૭ પર

## ગેંગસ્ટર અતીક અહેમદને આઠ ગોળીઓ વાગી હતી

પ્રયાગરાજ, તા.૧૬

ગેંગસ્ટર અતીક અહેમદ અને તેના ભાઈ અશરફ અહેમદને પ્રયાગરાજમાં મીડિયાના કેમેરા સામે ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. નિર્ભય હુમલાખોરોએ પહેલા અતીક અહેમદને ગોળી મારી અને પછી અશરફ અહેમદને નિશાન બનાવ્યા. આ ગોળીબારમાં બંને ભાઈઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અતીક અને અશરફનું પોસ્ટમોર્ટમ પૂરું થઈ ગયું છે. જેમાં અતીકને ૮ ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે. પહેલી ગોળી તેના ડાબા કાન પર વાગી. કુલ ૨૨ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, અતીક અહેમદને ૮ જ્યારે અશરફને ૫ ગોળી વાગી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.

## આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**પોલીસે નોંધેલી FIRમાં એવું જણાવાયું છે કે, આરોપીઓએ અતીક અને અસરફને મારવાનો પ્લાન બનાવ્યો હતો**

પ્રયાગરાજ, તા.૧૬

અતીક અને અસરફને મોતને ઘાટ ઉતારનાર આરોપી વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધી છે. UPના પ્રયાગરજમાં આવેલા શહાગંજ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ છે. મહત્વનુ છે કે, આ ફરિયાદની જે FIR છે તેમાં ઘણા ઘટસ્ફોટ થયા છે.

ઘટના સમયે સામેથી એક હુમલાખોરે અતીકના માથા પર પિસ્તોલ વડે પોઈન્ટ બ્લેંક ગોળી મારી હતી અને અતીક જમીન પર પડી જાય છે.

આ પછી અશરફ કંઈક સમજી શકે તે પહેલા હુમલાખોરોએ અશરફને પણ ગોળી મારી દીધી. જ્યારે અતીક અને અશરફ જમીન પર પડ્યા હતા. આ પછી ત્રણ હુમલાખોરોએ અતીક અહેમદ અને અશરફ પર લગભગ ૧૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીબાર કર્યા પછી, હુમલાખોરો નારા લગાવતા આત્મસમર્પણ કર્યું હતું.

મહત્વનુ છે કે, પોલીસે નોંધેલી FIRમાં એવું જણાવવામાં આવ્યું છે કે, આરોપીઓએ અતીક અને અસરફને મારવાનો પ્લાન

● અનુસંધાન પાન-૭ પર



રોમાંચક મુકાબલો - મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ અને ગુજરાત ટાઈટન વચ્ચેના ક્રિકેટ મુકાબલમાં ગુજરાત ટાઈટને ૧૭૭ રન કરી ૧૭૮નો લક્ષ્યાંક રાજસ્થાન રોયલ્સને આપ્યો હતો... ગુજરાતે ધીમી શરૂઆત બાદ મક્કમતાથી દાવ આગળ ધપાવ્યો હતો... પરંતુ રાજસ્થાન રોયલ્સના બોલરોએ ગુજરાતના સ્કોરને ઝડપી વધારવામાં નિયંત્રણ લાવવામાં સફળ રહ્યા હતા... આમ છતાં ગુજરાતે ૧૭૮ રનનો લક્ષ્યાંક આપી મેચને રોમાંચક બનાવી હતી....

## દિલ્હીમાં દેખાવો કરી રહેલા 'આપ'ના સાંસદો-ધારાસભ્યોની ધરપકડ કરાઈ

**CBI ઓફિસની બહાર પ્રદર્શન કરી રહ્યા હતા : આમ આદમી પાર્ટીની દિલ્હી વિંગે એક ટ્વીટમાં આરોપ લગાવ્યો છે કે મોદીએ તમામ હદ વટાવી દીધી છે**

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં પૂછપરછ માટે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (ઝ્રમ્ૈં) ઑફિસમાં બોલાવવા બદલ આમ આદમી પાર્ટીના (છછઁ) નેતાઓ અને કાર્યકરોએ રસ્તા પર વિરોધ કર્યો. પંજાબના સીએમ ભગવંત માન, દિલ્હીના મંત્રીઓ સૌરભ ભારદ્વાજ, આતિશી અને કૈલાશ ગેહલોત અને રાજ્યસભાના સભ્યો સંદીપ પાઠક, રાઘવ ચઢ્ઢા અને પાર્ટીના તમામ દિગ્ગજ નેતાઓ સીબીઆઈ હેડક્વાર્ટર પાસે એકઠા થયા હતા અને પીએમ મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારે સમાચાર આવી રહ્યા છે કે દિલ્હી એકમના સંયોજક ગોપાલ રાયે આરોપ લગાવ્યો છે કે ઝ્રમ્ૈં હેડક્વાર્ટરની બહાર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા છછઁ નેતાઓની પોલીસે ધરપકડ કરી છે. તાનાશાહ એટલા કાયર છે કે શાંતિપૂર્ણ અવાજથી પણ ગભરાઈ ગયા છે. તે જ સમયે, રાઘવ ચઢ્ઢાએ ટ્વીટ કર્યું કે દિલ્હી પોલીસે શાંતિથી બેસવા બદલ અમારી ધરપકડ કરી છે અને અમને કોઈ અજાણી જગ્યાએ લઈ જઈ રહી છેપ આ કેવી તાનાશાહી છે?



આમ આદમી પાર્ટીની દિલ્હી વિંગે એક ટ્વીટમાં આરોપ લગાવ્યો છે કે મોદીએ તમામ હદ વટાવી દીધી છે. દિલ્હી પોલીસ કેજરીવાલ સરકારના કેબિનેટ અને પંજાબના મંત્રીઓ અને નેતાઓને કોઈ અજાણી જગ્યાએ લઈ જઈ રહી છે. એટલું જ નહીં, એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સીબીઆઈની કાર્યવાહીનો વિરોધ કરી રહેલા લગભગ ૧૫૦૦ લોકોમાંથી કેટલાકની અટકાયત કરવામાં આવી છે અને કેટલાક ધારાસભ્યો અને કાઉન્સિલરોની ધરપકડ કરવામાં આવી છે.

## ટોલ ટેક્સ સંબંધિત બિલ લાવવા સરકારની યોજના

**નીતિન ગડકરીએ કરી મોટી જાહેરાત : આગામી દિવસોમાં ટોલ ટેક્સ વસૂલવા માટે ટેક્નોલોજીના ઉપયોગ પર પણ ભાર મૂકવામાં આવશે : ગડકરી**

નવી દિલ્હી, તા.૧૬

હાઈવે પર મુસાફરી કરનારાઓ માટે સારા સમાચાર છે. ઘણીવાર હાઈવે પર મુસાફરી



કરનારાઓને વધુ ટોલ ટેક્સ ભરવો પડે છે, પરંતુ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ટોલ ટેક્સ સંબંધિત નિયમોમાં ફેરફાર કરવા જઈ રહી છે. નીતિન ગડકરીએ આ અંગે માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે સરકાર ટોલ ટેક્સ સંબંધિત બિલ લાવવાની યોજના બનાવી રહી છે.

માહિતી આપતાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મિનિસ્ટર નીતિન ગડકરીએ કહ્યુ છે કે ટોલ ટેક્સ ન ભરવા પર કોઈપણ પ્રકારની સજાની જોગવાઈ નથી. આ સાથે કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે આગામી દિવસોમાં ટોલ ટેક્સ વસૂલવા માટે ટેક્નોલોજીના ઉપયોગ પર પણ ભાર મૂકવામાં આવશે. નીતિન ગડકરીએ વધુમાં કહ્યું છે કે અત્યાર સુધી ટોલ ન ભરવા પર સજાની જોગવાઈ નથી, પરંતુ ટોલ અંગે બિલ લાવવાની તૈયારી ચાલી રહી છે. હવે ટોલ ટેક્સ સીધો તમારા બેંક ખાતામાંથી કપાશે. આ માટે અલગથી કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

નીતિન ગડકરીએ કહ્યું છે કે હવે ટોલ ટેક્સ નહીં ભરવો પડશે, રકમ સીધી તમારા ખાતામાંથી કપાશે. આ સિવાય કેન્દ્રીય મંત્રીએ કહ્યું, '૨૦૧૯માં અમે એક નિયમ બનાવ્યો હતો કે કાર કંપની ફીટેડ નંબર પ્લેટ સાથે આવશે. એટલા માટે છેલ્લા ચાર વર્ષમાં જે વાહનો આવ્યા છે તેમાં અલગ-અલગ નંબર પ્લેટ છે. વર્ષ ૨૦૨૪ પહેલા દેશમાં ૨૬ ગ્રીન એક્સપ્રેસ વે તૈયાર થઈ જશે અને ભારત રસ્તાના મામલે અમેરિકાની બરાબરી પર આવી જશે. આ સાથે કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે આગામી દિવસોમાં ટોલ ટેક્સ વસૂલવા માટે ટેક્નોલોજીના ઉપયોગ પર પણ ભાર મૂકવામાં આવશે.

નીતિન ગડકરીએ કહ્યું કે, અત્યારે જો કોઈ વ્યક્તિ ટોલ રોડ પર ૧૦ કિલોમીટરનું અંતર પણ મુસાફરી કરે છે તો તેણે ૭૫ કિલોમીટરની ફી ચૂકવવી પડે છે, પરંતુ નવી સિસ્ટમમાં, તેની પાસેથી માત્ર કવર કરેલા અંતર માટે જ ચાર્જ લેવામાં આવશે. તેમણે નકારી કાઢ્યું કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા નાણાકીય સંકટમાંથી પસાર થઈ રહી છે. તેમણે કહ્યું કે NHAIની સ્થિતિ એકદમ સારી છે અને તેની પાસે પૈસાની કોઈ કમી નથી. તેમણે કહ્યું કે ભૂતકાળમાં બે બેંકોએ ઓછા દરે લોન ઓફર કરી હતી.

## અમેરિકાના અલબામામાં વધુ એક ગોળીબારની ઘટના

**શૂટ આઉટમાં ૨૦થી વધુ લોકો શૂટ : અમેરિકામાં એક ડાન્સ સ્ટુડિયોમાં આયોજિત જન્મ દિવસની પાર્ટીમાં શૂટ આઉટની ઘટના સામે આવી છે**



અલાબામા, તા.૧૬

અમેરિકાના અલાબામાના ડેડવિલેમાં એક ડાન્સ સ્ટુડિયોમાં આયોજિત જન્મદિવસની પાર્ટીમાં વધુ એક શૂટ આઉટની ઘટના સામે આવી છે. પ્રાથમિક અહેવાલ અનુંસાર આ ગોળીબારમાં ઓછામાં ઓછા ૨૦ લોકોને ગોળી વાગી હોવાનું સામે આવ્યું છે. યુવતીના જન્મદિવસની ઉજવણી માટે લોકો એકઠા થયા હતા. પ્રત્યક્ષદર્શીઓ અને સ્થાનિક મીડિયા અનુસાર ફાયરિંગમાં કેટલાક લોકોના મોત થયા હોવાના અહેવાલ છે .

અહેવાલો અનુસાર, આ ઘટના શનિવારે (૧૫ એપ્રિલ) રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે બની હતી. પોલીસને જાણ કરવામાં આવી છે કે, તલ્લાપુસા કાઉન્ટીના ડેડવિલેમાં મહોગની માસ્ટરપીસ ડાન્સ સ્ટુડિયોમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો.

અધિકારીઓએ મૃતકોની ચોક્કસ સંખ્યા વિશે કોઈ માહિતી શેર કરી નથી. એક સ્થાનિક ટીવી ચેનલની રિપોર્ટર એલિઝાબેથ વ્હાઈટે જણાવ્યું હતું કે, વિવાદમાં ૨૦થી વધુ લોકોને ગોળી વાગી હતી, જેમાંથી કેટલાક મૃત્યુ પામ્યા હતા. એક પ્રત્યક્ષદર્શીએ આ ઘટનાનો ગ્રાફિક ફોટો શેર કર્યો, જેમાં ઓછામાં ઓછા છ મૃતદેહો જમીન પર પડેલા જોવા મળ્યા છે, જ્યારે અન્ય એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, મૃતકોની સંખ્યા તેનાથી પણ વધારે છે. તેમણે કહ્યું હતુ કે, ઘટનાસ્થળે ઘણા મૃતદેહો સફેદ ચાદરથી ઢંકાયેલા હતા.

## પ્રયાગરાજ હત્યાકાંડ બાદ મીડિયા કવરેજના નિયમો બદલવા નિર્ણય

**પીએમ મોદી અને ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ બનશે SOP : ઉત્તર પ્રદેશના કુખ્યાત ગેંગસ્ટર અતીફ અહેમદ અને તેના ભાઈની સરેઆમ હત્યાની ઘટના બાદ કેન્દ્ર સરકાર લેવા જઈ રહી છે સૌથી મોટો નિર્ણય**

પ્રયાગરાજ, તા.૧૬

અતીક અહેમદ અને તેના ભાઈ અશરફ અહેમદની પોલીસની હાજરીમાં સરે જાહેરમાં હત્યાની ઘટનાએ સૌ કોઈને ચોંકાવી દીધાં છે. આ ઘટના બાદ યુપી સહિત સમગ્ર દેશભરમાં હડકંપ મચી ગયો છે. બે ખુંખાર આરોપીઓને લઈને પોલીસ જઈ રહી હોય છે. અને મીડિયા પણ સતત આ ગુનેગારોનું કવરેજ કરી રહ્યું હોય છે. એવામાં કોઈને કોઈ સમજાય તે પહેલાં ઉપરાઉપરી ફાયરિંગ થયું અને જોતજોતામાં બન્ને ખુંખાર માફિયા બ્રધર્સ ઢળી પડ્યાં. અતીક અહેમદ અને તેના ભાઈ અશરફ અહેમદની મોતની ઘટના ઢગલાબંધ ટીવી ચેનલોના લાઈવ કેમેરામાં કેદ થઈ. આ ઘટનાને પગલે સુરક્ષામાં છિંડા સામે આવ્યાં. જેને પગલે હવે આ પ્રકારના લાઈવ મીડિયા કવરેજ પર રોક લાગી શકે છે. સરકાર દ્વારા કેટલીક બાબતોને મર્યાદિત બનાવવામાં આવી શકે છે. તેના માટેના અલગથી નિયમો પણ બનાવવામાં આવશે.

MHA પત્રકારોની સુરક્ષા માટે તૈયાર કરશે ખાસ SOP. પીએમ મોદી અને ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ બનશે SOP. પ્રયાગરાજમાં માફિયા બ્રધર્સની હત્યાની ઘટના બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. શૂટરોએ નકલી પત્રકાર બનીને અતીક અને અશરફની હત્યા કહી હતી કારણકે, અતીકને મારવા આવેલાં શૂટરો પોતે પત્રકાર હોવાની ઓળખ આપીને પોલીસ પ્રોટેક્સનની નજીક પહોંચી ગયા હતાં. અતીક અને તેનો ભાઈ જ્યારે મીડિયા સાથે વાત કરી રહ્યા હતા એવા સમયે જ અચાનક ફાયરિંગ કરવામાં આવ્યું. કોઈ કઈ સમજે એ પહેલાં તો ફિલ્મી સીનની

● અનુસંધાન પાન-૭ પર